સાંસદ પરિમલભાઈ નથવાણીનો સવાલઃ સરકારનો જવાબ

ગુજરાતમાંથી છેલ્લા પાંચ વર્ષમાં નેશનલ હાઈ-વે પર વસૂલાતો રૂ. ૨૦,૩૮૩ કરોડનો ટોલટેક્સ

જામનગર તા. ૧૨: છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી નેશનલ હાઈવે પર રૂ. ૨૦,૩૮૩ કરોડનો ટોલ વસૂલવામાં આવ્યો છે. સાંસદ પરિમલ નથવાણીએ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રીએ આપેલ જવાબમાંથી આ માહિતી જાણવા મળી છે.

કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પરથી રૂ. ૨૦,૩૮૩ કરોડનો ટોલ વસૂલ્યો છે. કેન્દ્ર સરકારે આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતના નેશનલહાઈવેના વિકાસ અને જાળવણી માટે રૂ. ૪૭,૨૩૬ કરોડની ફાળવણી પણ કરી છે. રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીએ ઊઠાવેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રિય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રી નીતિન ગડકરીએ ૧૧ માર્ચ, ૨૦૨૬ ના રાજ્યસભામાં આ માહિતી આપી હતી.

પરિમલભાઈ નથવાણીએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર વસૂલવામાં આવેલા ટોલ અને તે જ સમયગાળા દરમિયાન રાજ્યમાં નેશનલ હાઈવેના બાંધકામ અને જાળવણી માટે રાજ્યને ફાળવાયેલા ભંડોળની વિગતો માગી હતી. વધુમાં તેમણે ગુજરાતના હાઈવે પ્રોજેક્ટ્સ, ખાસ કરીને મુંબઈ-અમદાવાદ (એનએચ-૪૮), સુરત-દહીંસર અને અમદાવાદ-રાજકોટ-જેતપુર રૂટ પર હાલ ચાલી રહેલું કામ ક્યારે પૂર્ણ થશે તેની સમયમર્યાદા વિશે પણ પૃચ્છા કરીહતી. આ ઉપરાંત શ્રી નથવાણી ભરૂચ-સુરત અને અમદાવાદ-હિંમતનગર હાઈવે સહિત ગુજરાતના મુખ્ય હાઈવે રૂટ પર પડેલા અસંખ્ય ખાડા અને રોડની તૂટી ગયેલી સપાટીના સંદર્ભમાં સરકારે લીધેલા પગલાં વિશે પણ જાણવા માગતા હતાં.

એનએચ-૪૮ ના વાપી-સુરત અને સુરત-ભરૂચના સ્ટ્રેટ વિશે માહિતી આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, સિક્સલેનિંગ કાર્ય પૂર્ણ થયાપછી તે બધા રોડ હાલ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ મોડ પર જાળવણી હેઠળ છે. ૧૬ પુલ અને ફ્લાયઓવર/વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે, જે જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

મંત્રીના લેખિત જવાબમાં માહિતી અપાઈ હતી કે, એનએચ-૪૮ ના ભરૂચ-વડોદરા સ્ટ્રેચનું સિક્સ-લેનિંગ કામ વર્ષ ૨૦૧૧ માં પૂર્ણ થઈ ગયું છે અને હાલમાં તે પીબીએમસી મોડ પર જાળવણી હેઠળ છે. અહીં ૭ પુલ અને ફ્લાયઓવર/વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે, જે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, જ્યારે વડોદરા-અમદાવાદ વચ્ચેના સિક્સ-લેનિંગ કામ પહેલાથી જ પૂર્ણ થઈ ગયું છે અને તે બીઓટી હેઠળ છે. શામળાજી-મોટા ચિલોડા વચ્ચેના સિક્સ-લેનિંગનું બાકી રહેલું કામ જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું તેમનું લક્ષ્ય છે, એમ જણાવવામાં આવ્યું હતું.

કેન્દ્રિય મંત્રી ગડકરીએ એ પણ માહિતી આપી હતી કે એનએચ-૨૭ ના રાજકોટ-જેતપુર સેક્સનનું સિક્સ-લેનિંગ કામ પ્રગતિ હેઠળ છે અને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. હાલ રાજકોટ-અમદાવાદ પ્રોજેક્ટ ગુજરાત સરકારના અધિકાર ક્ષેત્ર હેઠળ છે અને તેમના પોતાના બજેટ સંસાધનો દ્વારા આ કામ કરવામાં આવી રહ્યું છે.

તદુપરાંત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનું કામ પણ અમલીકરણ હેઠળ છે, જે માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, તેવી માહિતી આપવામાં આવી હતી.

ધારાસભ્યની ઉપસ્થિતિમાં

કુરંગામાં અનુસૂચિત જ્ઞાતિજનો દ્વારા પશુબલીની પરંપરા બંધ કરવાનો નિર્ણય

(તસ્વીરઃ રવિ બારાઈ)

દ્વારકાતા. ૧૨: દ્વારકા નજીકના કુરંગા ગામે યોજાયેલ ધાર્મિક કાર્યક્રમમાં માતાજીના સાનિધ્યમાં અનુસૂચિત જ્ઞાતિજનોએ ધારાસભ્ય પબુભા માણેક અને સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં ઐતિહાસિક નિર્ણય લેતા એક સૂરે જીવદયાના સંકલ્પ સાથે ધાર્મિક વિધિઓના નામે થતી જીવ હત્યા અટકાવવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો.

વર્ષો જુની પશુબલીની પરંપરા પર માતાજીના ભૂવા અને અનુ. જ્ઞાતિના અગ્રણીઓએ સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકતા સમાજના આગેવાનોએ પશુબલી જેવી પ્રથાઓને તિલાંજલિ આપી જીવદયાની ભાવના રાખવા હાકલ કરી હતી.

સ્કૂટરમાં દારૂ લઈને જતો શખ્સ ઝડપાયોઃ

ખોડિયાર કોલોનીમાં મકાનમાંથી મળી દારૂની છ બોટલઃ આરોપી ફરાર

જામનગર તા. ૧૨: જામનગરના કૃષ્ણનગર વિસ્તારમાંથી ગઈકાલે પોલીસે એક શખ્સને સ્કૂટરમાં ઈંગ્લીશ દારૂની બોટલ સાથે પકડી પાડ્યા પછી કૃષ્ણનગરમાં આવેલા એક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની છ બોટલ અને બીયર ચપલા કબજે લીધા હતા. જ્યારે દિગ્જામ વુલન મીલ રોડ પર બાવરીવાસમાંથી એક બોટલ મળી આવી હતી.

જામનગરના ખોડીયાર કોલોની વિસ્તાર સામે આવેલા મેહુલ નગર રોડ પર એમ્યુજમેન્ટ પાર્ક પાસે ક્રિષ્ના નગર વિસ્તારમાં એક શખ્સના મકાનમાં ઈંગલિશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સીટી સી ડિવિજનના સર્વેલન્સ સ્ટાફે ગઈકાલે સાંજે ત્યાં આવેલા યુવરાજસિંહ અનોપસિંહ ભટ્ટી નામના શખ્સના મકાનમાં દરોડો પાડી તલાસી લેતા મકાનમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની છ બોટલા અને ૩૦ ચપલા પણ ઝડપાયા હતા. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી દરોડા પહેલાં નાસી ગયેલા યુવરાજસિંહની શોધ હાથ ધરી છે.

જામનગરના કૃષ્ણનગરની શેરી નંબર ત્રણમાંથી ગઈકાલે સાંજે પસાર થઈ રહેલા સચિન દિલીપભાઈ રાઠોડ નામના જીજે ૧૦ ડી જે ૯૬૨૯ નંબરના સ્કૂટરને રોકાવી પોલીસે ચેક કરતા સ્કૂટરમાંથી ઈંગ્લિશ દારૂની એક બોટલ મળી આવી હતી પોલીસે બોટલ તથા સ્કૂટર કબજે કરી સચિન રાઠોડની ધરપકડ કરી છે

જામનગરના દિગ્જામ વૂલન મીલ વિસ્તારમાં આવેલા રેલવે ફાટક નજીકના બાવરીવાસમાં દીપુ કમલભાઈ વઢીયાર નામના બાવરી શખ્સના ઝૂંપડામાં પોલીસે દરોડો પાડી ઈંગ્લિશ દારૂની એક બોટલ કબજે લીધી છે.

જયપુરના આંતરરાષ્ટ્રીય મૈત્રી સંમેલનમાં

જામનગરના પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર ડો. હંસાબેન સિદ્ધપુરાને 'ભારતશ્રી સન્માન'

જામનગર તા. ૧૨: ભવ્યા ફાઉન્ડેશન દ્વારા જયપુરની સુરેશ જ્ઞાન યુનિવર્સિટીમાં આયોજીત આંતરરાષ્ટ્રીય મૈત્રી સંમેલનમાં દેશ-વિદેશના ૨૦૦ જેટલા વિશિષ્ટ મહાનુભાવોને ભારતશ્રી સન્માન થી સન્માનીત કરવામાં આવ્યા હતાં. જેમાં હિન્દી સાહિત્યની ઉત્કૃષ્ટ સેવા બદલ જામનગરના પ્રસિદ્ધ સાહિત્યકાર ડો. હંસા સિદ્ધપુરાને પણ ભારતશ્રી સન્માન થી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે, ડો. હંસા સિદ્ધપુરાને મગધ સાહિત્ય સંસ્થાન (નાલંદા) બિહારથી ફણીશ્વર નાથ રેણુ રચનાધર્મી સન્માન પ્રાપ્ત થયું હતું. અત્યાર સુધીમાં ડો. હંસાબેનને હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ ફાઉન્ડેશન દ્વારા ૨૦ જેટલા સન્માન પ્રાપ્ત થઈ ચૂકયાં છે. ડો. હંસા સિદ્ધપુરાના ૯૨ વર્ષીય માતા કાંતાબેન સિદ્ધપુરાને પણ આ જ વૈશ્વિક મૈત્રી સંમેલન જયપુરમાં ભારતશ્રી સન્માન પ્રાપ્ત થયું છે. માતા-પુત્રીને એક સાથે એક જ સ્ટેજ પર એક સરખુ સન્માન મળે તેવું ભાગ્યે જ બનતું હોય છે.

કરિયાણું લેવા જતા હતા ત્યારે નડ્યો અકસ્માતઃ

પડાણા પાટીયા પાસે મોટરસાયકલે ઠોકર મારતા મહિલાને ગંભીર ઈજા

જામનગર તા. ૧૨: જામનગર-ખંભાળિયા રોડ પર પડાણા ગામના પાટીયા પાસે સપ્તાહ પૂર્વે એક મહિલાને મોટરસાયકલના ચાલકે ઠોકર મારતા આ મહિલાને માથામાં ગંભીર ઈજા થતાં હાથમાં ફ્રેક્ચર થઈ ગયું છે. તેમના પુત્રએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા લાલપુર તાલુકાના પડાણા ગામના પાટીયા પાસે આશાપુરા સોસાયટીમાં વસવાટ કરતા સગાભાઈ માંડાભાઈ વાઘેલા નામના યુવાનના માતા હરખુબેન ગઈ તા.૫ની સવારે પડાણામાં શિવપુરામાં કરિયાણાની દુકાને ખરીદી કરવા માટે નીકળ્યા હતા.

આ મહિલા જ્યારે ચાલ્યા જતા હતા ત્યારે જીજે-૩૭-સી ૬૦૮૦ નંબરના મોટરસાયકલના ચાલકે તેઓને હડફેટે લીધા હતા. રોડ પર પછડાયેલા હરખુબેનને માથામાં ગંભીર ઈજા તથા હાથમાં ફ્રેક્ચર થઈ ગયું છે. અકસ્માત સર્જી મોટરસાયકલનો ચાલક સ્થળ પરથી નાસી ગયો છે. તેની સામે સગાભાઈ વાઘેલાએ મેઘપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરના બે શખ્સની કરી લેવાઈ ધરપકડઃ

હાપા માર્કેટીંગ યાર્ડ રોડ પર મોટરમાં લઈ જવાતી દારૂની ચાર બોટલ ઝડપાઈ

જામનગર તા. ૧૨: જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ રોડ પરથી ગઈરાત્રે દોડી જતી એક મોટરમાંથી પોલીસે ઈંગ્લીશ દારૂના બે ચપલા સાથે જામનગરના બે શખ્સની ધરપકડ કરી છે.

જામનગર નજીકના હાપામાં આવેલા માર્કેટીંગ યાર્ડવાળા રોડ પરથી ગઈરાત્રે અઢી વાગ્યે પસાર થતી જીજે-૫-જેસી ૨૦૩૦ નંબરની ઓડી મોટરને પોલીસે રોકાવી લીધી હતી.

આ મોટરની પોલીસે તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબના ચાર ચપલા મળી આવ્યા હતા. પોલીસે ચપલા તથા મોટર કબજે કરી મોટરમાં જઈ રહેલા ગણપતિનગરવાળા અજય જીવરાજ પરમાર તથા દિગ્જામ સર્કલ રોડ પર ગણપતિનગરમાં અભય મગનભાઈ ગોસ્વામી તથા મયુર કરશનભાઈ ગોહિલ નામના બે શખ્સની ધરપકડ કરી છે.

મહત્વના કાર્ડ સહિત સરકારી કામો કરી અપાશેઃ પ્રશ્નો ઉકેલાશે

લાલપુરના હરિપરમાં આવતીકાલે અને મોટા ખડબામાં ૧૮ માર્ચે યોજાશે સેવાસેતુ

જામનગર તા. ૧૨: રાજ્યના વહિવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાલક્ષી રજુઆતોનો ઉકેલ સ્થાનિકે/નજીકના અંતરે ઝડપથી થઈ શકે તે માટે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના હરીપર ગામે પટેલસમાજ ખાતે તા.૧૩/૦૩/૨૦૨૬ના સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા દરમીયાન સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવશે. જેનો હરીપર, સેવક ધૂણીયા, સેવક ભટીયા, આરીખાણા, પીપરટોડા, મુરીલા, મેમાણા, નવી વેરાવળ, ખડખંભાળીયા, મોટા પાંચસરા, વડપાંચસરા, ગલ્લા, ખેંગારપર, નવા ધૂણીયા, વેરાવળ મોટી, રામપર આમ ૧૬ ગામના લોકો લાભ લઈ શકશે.

ઉપરાંત લાલપુર તાલુકાના મોટા ખડબા ગામે તા. ૧૮-૩-૨૦૨૬ના રોજ પ્રાથમિક શાળા ખાતે સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન સેવાસેતુનું આયોજન કરવામાં આવશે. જેમાં આજુબાજુના ૨૨ ગામડાઓ મોટા ખડબા, માધુપુર, નાંદુરી, રીંજપર, બાબરીયા, ચોરબેડી, બાઘલા, સાજડીયારી, વાવડી, વિજયપુર, ખડબા નાના, મોટા ભરૂડીયા, રક્કા, ખટીયા, ગોદાવરી, ટેભડા, લાલપુર, ધરમપુર, સણોસરી, સણોસરા, ભણગોર, કાઠીતડના લોકો લાભ લઈ શકશે.

કાર્યક્રમમાં વ્યક્તિલક્ષી પ્રશ્નોનું નિરાકરણ સ્થળ ઉપર લાવવામાં આવશે. જેમાં સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ રજુઆત અને પુરાવા સાથે અરજી મેળવવામાં આવશે. ૧૧ થી ૨ જરૂરિયાત મુજબ વેરીફિકેશન, સ્થળ તપાસ તથા બપોરે ૨:૦૦ થી ૫:૦૦ વાગ્યા દરમિયાન આવેલ અરજીઓનો નિકાલ કરવામાં આવશે. આ સેવાસેતુ કાર્યક્રમમાં આધારકાર્ડ, રાશનકાર્ડ, આવકના દાખલા, આરોગ્ય વિભાગને લગત કામગીરી, નવા વિજ જોડાણ, પશુ સારવાર, બેંકિંગ ક્ષેત્રને લગત કામગીરી, એસ.ટી.બસના પાસ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ યોજના, શ્રમ અને રોજગાર વિભાગ તેમજ અન્ય વિભાગોને લગત કામગીરી કરવામાં આવશે. અરજદારોને સમય મર્યાદામાં સેવાસેતુના સ્થળે હાજર રહી લાભ લેવા લાલપુર મામલતદારની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

જામનગરથી છ ગાઉની તીર્થયાત્રા યોજાઈ

જામનગરમાં ચાંદીબજાર જૈન દેરાસર પાસેથી દર વર્ષે જયેશભાઈ પટેલ દ્વારા ફાગણ સુદ ૧૩ના છ ગાઉની તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલીતાણા, હસ્તગીરી, શેત્રુંજય ડેમ વગેરે સ્થળોનો સમાવેશ થાય છે. છેલ્લા ૪૦ વર્ષથી ભાવિકો માટે યોજાતી આ ધાર્મિક યાત્રામાં યાત્રાળુઓને રાહતદરે રહેવા, જમવા, નાસ્તો, ચા-પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવે છે.

વર્લીબાજની અટકાયત

જામનગર તા. ૧૨: જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં.૫માં ગઈકાલે રાત્રે જાહેરમાં ઉભા રહી વર્લીના આંકડા લખતા વસરામભાઈ ચત્રુભૂજભાઈ ગોરી નામના શખ્સને પોલીસે પકડી પાડી રોકડ તથા આંકડા લખેલી ચિઠ્ઠી કબજે કરી છે.

મરહુમની મજલીસ

જામનગર તા. ૧૨: જામનગરના સાજીદ અબ્બાસભાઈ શેખનું અવસાન (ઈન્તેકાલ) થયેલ છે. મરહુમના સવાબ માટે ઝિયારતની મજલીસ તા. ૧૨ના રાત્રે ૧૦:૩૦ વાગ્યે ગુજરાતી જમાતખાના, કાલાવડ ગેઈટ, પુલ પાસે, જામનગરમાં રાખેલ છે.

યુરોપિયન તબીબોની નજરે રોઝાનું મહત્ત્વ

રોઝા રાખવાથી વિચારોની વ્યગ્રતા દૂર થાય છે. લાગણીઓની ઉગ્રતા શમી જાય છે. બુરાઈઓ અને બદીઓ દૂર થઈ જાય છે. એકાંત જીવન સરળ રીતે પસાર થઈ જાય છે.

- ડ્રે. માઈકલ

રોગોથી બચવા તેમજ તંદુરસ્તીની રક્ષા માટે મહિનામાં એક વખત રોઝો રાખવો જોઈએ.

- ડ્રે. જી. જેકબ

ઈસ્લામી રીતે રોઝો રાખવો એ ઉપવાસની ઉત્તમ રીત છે. જ્યારે ભૂખ્યા રહેવાની આવશ્યકતા ઉભી થાય ત્યારે મારી સૌને સલાહ છે કે તેણે ઈસ્લામી રીતે રોઝો રાખી લેવો. સામાન્ય રીતે તબીબો તથા વૈદ્યો જે રીતે બધાને ઉપવાસ રખાવે છે તે મારી દૃષ્ટિએ ભૂલ ભરેલી છે.

- ડ્રે. ઈમર્સન

રોઝા રાખવાથી કફ અને શરદીના રોગો નાશ પામે છે.

- ડ્રે. કલાઈવ

દુઃખ, તકલીફ, ભૂખ અને તરસ સહન કરવા તથા અનુભવ કરવા રોઝો રાખવા ઉત્તમ છે.

- ડ્રે. હંગર

ક્યારેક ક્યારેક રોઝા રાખવાથી શરીરને ઘણાં લાભ મળે છે. પરંતુ રોઝો રાખતા સમયે (સહેરી) અને રોઝો છોડવાના સમયે (ઈફતાર) ખાઉધરા ન બનવું જોઈએ. એમ કરવાથી રોઝા રાખવાના હેતુ માર્યા જાય છે.

- ડ્રે. ફેન્કલીન

રોઝા રાખવાથી વિચારો નિર્મળ અને તંદુરસ્ત રહે છે. શૈતાનિયતભર્યા વિચારોથી બચી શકાય છે.

- ડ્રે. અબ્રાહમ જે. હેન્રી

શાંતિ અને સંતોષ પામવા માટે રોઝા ઉત્તમ સાધન છે.

- ડ્રે. સોમટી

જાતીય ઈચ્છા ઉપર કાબુ ધરાવવાની ઈચ્છા રાખતા માણસે મોટે ભાગે રોઝા રાખવા જોઈએ. મુસ્લિમોની રોઝા રાખવાની પદ્ધતિઓ મને ઘણી ગમીછે. તેથી હું મારા ખ્રિસ્તી મિત્રોને સદ્ય એવી સલાહ આપું છું કે, તેઓ રોઝા રાખવા માટે મુસ્લિમોને અનુસરે.

- ડ્રે. રિચાર્ડ

સફવાન ઝેડ. લુસવાળા, મોહસીન ઠલોચ

બહોળી સંખ્યામાં ભક્તો ઉમટ્યા

જામનગરના ઈસ્કોન મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિઃ નગરજનોએ લીધો લાભ

જામનગર તા. ૧૨: જામનગરના ઈસ્કોન મંદિરમાં તા. ૨૭ ફેબ્રુઆરીથી શ્રીમદ્ ભાગવત કથામૃતનું આયોજન થયું હતું. તેનું તા. ૩ માર્ચ ગૌર પૂર્ણિમાના દિવસે ભવ્ય ગૌર આરતી, સંકીર્તન, છપ્પન ભોગ, ગૌર કથા, બાળકોના ડ્રામા અને પ્રસાદમ્ દ્વારા ભવ્ય પૂર્ણાહુતિ થઈ હતી. ભાગવત કથામૃતનું રસપાન ભરૂચથી પધારેલ ચૈતન્ય મહાપ્રભુજી દ્વારા કરવામાં આવેલ. કથામૃતનું રસપાન અને પ્રસાદનો દરરોજ ૧૦૦૦થી વધુ નગરજનોએ લાભ લીધો. પૂર્વ મેયર શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને સાંસદ પૂનમબેન માડમનો સહયોગ સાથેનો સંદેશ મળ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈસ્કોન જામનગરના પ્રમુખ મુરલીધર દાસ તથા રમારમણદાસ, ભક્તિ સિદ્ધાંતદાસ, એડવોકેટ દિલીપભાઈ ભોજાણી તથા અન્ય કમિટીઓના ભક્તજનો, માતાજી અને પ્રભુજીઓ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી હતી. પૂર્ણાહુતિમાં મંદિરનું પરિસર ટૂંક પડયુ એટલા નગરવાસીઓ ઉમટયા હતા. અંતિમ દિવસે ૧૫૦૦થી વધુ નગરવાસીઓએ શ્રવણ, કીર્તન અને પ્રસાદનો લાભ લીધો હતો.

મરહુમોની મજલીસ

જામનગર તા. ૧૨: જામનગરના મરહુમ મોઈન વલીમામદભાઈ ભજીયાવારા, મરહુમા આમનાબેન અબ્દુલ રજાક ઘાણીવારા, મરહુમા હવાબેન અબ્દુલ કાદર કાશ, મરહુમ બસીર મામદભાઈ હોલા અને મરહુમ નુરમામદ ભાઈ ઓસમાણભાઈ કુલ વારાના સવાબ માટે તા. ૧૩ના રાત્રે ૧૦:૩૦ થી ૧૧ મજલીસ નવી નુરી મસ્જીદ, ફરાસાવાડ, જામનગરમાં રાખેલ છે, જેમાં ગેલેરીયા મસ્જીદના પેશઈમામ અ.રશીદ નુરી તકરીર ફરમાવશે.

નામ બદલાયેલ છે

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે હું દિલીપભાઈ જયંતિલાલ ઠાકર મારૂ નામ દિલીપકુમાર જયંતિલાલ ઠાકર માંથી બદલીને દિલીપભાઈ જયંતિલાલ ઠાકર થયુ છું. હવેથી હું મારા નવા નામ દિલીપભાઈ જયંતિલાલ ઠાકર તરીકે ઓળખાઈશ.

ધી નવાનગર કો-ઓપ. બેંક લિ.

હેડ ઓફિસ : નવાનગર બેંક ભવન, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર
ફોન : ૦૨૮૮-૨૫૩૯૮૧/૮૫

નીચે દર્શાવ્યા મુજબના ધી નવાનગર કો-ઓપ. બેંક લિ, જામનગરના સભાસદોના શેર્સ ડુપ્લીકેટ ઈસ્યુ થવા અરજી આવેલ છે.

સભાસદ નં	સભાસદનું નામ	અરજી આપનાર
૧૪૯૬૭	લીના બીપીનભાઈ મરૂ	પોતે
૯૫૯૯	નવીનચંદ્ર ચાંપશી સોનેચા	પોતે
૧૩૫૬૯	સ્વ.રવિન્દ્ર મનસુખલાલ શાહ	પુત્ર : પારસ રવિન્દ્ર શાહ

આ બાબતે કોઈને વાંધો-તકરાર હોય તો આ જાહેર ખબર પ્રસિદ્ધ થયે દિવસ ૭ માં આધાર પુરાવા સાથે બેંકને રૂબરૂ અથવા લેખિતમાં જાણ કરવી, અન્યથા આ બાબતે કોઈને કાંઈ વાંધો તકરાર નથી, અથવા છે પરંતુ જતો (વેઈવ) કરેલ છે તેમ ગણી ડુપ્લીકેટ શેર્સ ઈસ્યુ કરી આપવામાં આવશે.

જામનગર
તા.૧૧-૩-૨૦૨૬

મુખ્ય વહીવટી અધિકારી